# નગરજીવનમાં વૃદ્ધોની થતી ઉપેક્ષાનું બયાન કરતી વાર્તા: વોશિંગ મશીન

ડૉ.નીતિનકુમાર પ્રભુદાસ પટેલ
*આસિસ્ટન્ટ પ્રોફેસર-ગુજરાતી, શ્રી એસ.જી.પટેલ આર્ટ્સ એન્ડ શ્રી પી.કે.દેસાઇ કોમેર્સ કૉલેજ નિઝર જિ-તાપી*
doi.org/10.64643/IJIRTV12I8-190251-459

આપણે ત્યાં આઝાદી પછી યંત્રસંસ્કૃતિ યંત્રચેતનાનો વ્યાપક વિસ્તાર થયો. નગરો બદલાયા એટલું જ નહિ નગરો-મહાનગરો બન્યા. ઘણા નગરો ગામડાંને ગળી ગયા. સ્વાતંત્ર્યોત્તર સમયગાળામાં ગામડે જન્મેલી પેઢી અભ્યાસાર્થે યા નોકરી માટે શહેર જાય છે. શહેરમાં સ્થાયી બને છે. અને પોતાનો એક નવો સમાજ રચવા મથે છે. પરિણામે શહેરી જીવન સાથેના નવા તાલમેલનાં નોખાં સંવેદનો અનુભવે છે. એણે શહેરી સમાજ સાથે અદ્યતન જીવનરીતિ સાથે લય સાધવાનો છે તો બીજી તરફ ગામડે વસતાં કુટુંબીજનો, સગાંવહાલાં અને સમાજ પાસે ટાણે પ્રસંગે જવાનું, તેમને અનુરૂપ અને અનુકૂળ થવાનું પણ આવે છે. ગામડું ગમે છે પણ ત્યાં ફાવતું નથી. સ્વજનો સાથે મેળ સધાતો નથી. પરિણામે તનાવો વધ્યા છે અને સંઘર્ષો પેદા થયા છે. જે નવી વાર્તાના વિષયો બને છે.

માણસો ગામડાં છોેડી શહેરો તરફ આવતાં થયા જેનાથી શહેરોમાં વસવાટની એક મોટી સમસ્યા ઊભી થઇ. મકાનોની અછતને લીધે શહેરોમાં ગંદા આવાસોમાં રહેતા માણસોની વસતિ ખૂબ મોટા પાયે વધવા લાગી. વસતિની ગીચતા, ગંદા વસવાટો, રોજગારીની અછત વગેરેને કારણે શહેરમાં વસતા માણસોની હાડમારીઓ મોટા પ્રમાણમાં વધી. આથી અહીં અનેક દૂષણો વધવા લાગ્યાં. શરાબની દુકાનો, ચોરી, લૂંટફાટ અને ભ્રષ્ટાચાર જેવા ગુનાઓની સંખ્યા ખૂબ વધવા લાગી. વ્યભિચાર અને દેહવ્યાપારનું એક મોટું દૂષણ સમાજમાં ઊભું થાય છે.

નગર સંસ્કૃતિ આવતાં ચાર દીવાલમાં બંધ નારી પણ બહાર જતી થાય છે. શિક્ષણ, નોકરી અને રોજગારી માટે પુરુષ સમોવડી આ સ્ત્રી પુરુષો સાથે જ કામ કરતી થાય છે. ભૌતિકવાદી વલણોની અસર સ્ત્રી પર પણ થયેલી છે. આથી રોજગારી અને અન્ય ક્ષેત્રોમાં નિકટતા વધતાં સ્ત્રી-પુરુષોમાં યૌનસંબંધનું પ્રમાણ ઘણું જ વધે છે. આથી વ્યક્તિગત જીવનમાં પતિ-પત્ની તરફના સંબંધોમાં વિશ્વાસની કટોકટી અને તેને કારણે છૂટાછેડાનું પ્રમાણ વધે છે. લગ્નસંસ્થાનો મહત્ત્વનો પાયો પતિ-પત્નીના પરસ્પરનો વિશ્વાસ – તેના પર અવિશ્વાસ થતાં લગ્નવ્યવસ્થા સામે પણ પ્રશ્નો ઊભા થવા લાગે છે. આ પ્રશ્ન આપણી સમાજવ્યવસ્થા સામે મોટો પડકાર છે.

નગરજીવનમાં વસતો થયેલો મનુષ્ય જેવા સાંકડા ઘરોમાં નિવાસ કરે છે, તેવું જ તેનું મન પણ સંકુચિત બનતું જાય છે. સુખના કેન્દ્રમાં તે પોતે એકલો રહેવા માગે છે આથી કૌટુંબિક જીવનમાં પણ ઘણા પ્રશ્નો ઉપસ્થિત થાય છે. સંયુક્ત કુટુંબપ્રથા તૂટી પડે છે ને તેને પરિણામે વૃદ્ધાશ્રમોની જરૂરિયાત વધતી જાય છે. બે પેઢી વચ્ચેની વૈચારિક ખાઇ વધતી જ જાય છે. આથી પણ અનેક પ્રશ્નો નગરજીવનમાં ઉપસ્થિત થાય છે.

જેમ જેમ નગરો વિકસતા ગયા તેમ તેમ નગરજીવનની સમસ્યાઓ પરંપરા કરતા જુદી રીતે સામે આવતી ગઇ.જેમ કે, ગરીબી વધી અનેક માણસો અપૂરતી સગવડોમાં તથા ઝૂંપડપટ્ટીમાં જીવવા મજબૂર બન્યા. દેખીતી રીતે જ આવા માણસો અનૈતિક કાર્યો તરફ દોરવાય. જેના કારણે કાયદો અને વ્યવસ્થાપનના પ્રશ્નો જટિલ બને છે. પણ ખાસ તો જીવનમૂલ્યો, કુટુંબભાવના અને માનવમૂલ્યોનો હ્રાસ થાય છે. આપણા આ સમયના વાર્તાકારોએ આ નવી ભૂમિકાએ નગરજીવનનું આલેખન કર્યું છે.

વાર્તાકારનું ધ્યાન શહેરી જીવનની ભાગદોડ વચ્ચે રહેંસાતા-ભીંસાતા સામાન્ય માનવી અને કસોટીની એરણે ચડેલા માનવીય મૂલ્યોની તપાસમાં લાગ્યું અને એ રીતે આપણી ટૂંકી વાર્તામાં એક નવી જ દિશા ઉઘડી અને એ હતી નગરચેતનાની વાર્તાઓ.આજની વાર્તાઓમાં નગરની નાગરીયતનું નક્કર વર્ણન, ઉપભોક્તા સંસ્કૃતિ,

ગ્રાહકવાદ, બજારવાદ, સહજ જીવનલયનું હનન, એકાકીપણાની વેદના, અપરાધબોધનો ભાવ, ગરીબી-ભૂખમરાની ભયાનકતા, જાતીયતા વિષયક સ્વચ્છંદતા, સંઘર્ષો, તણાવો અને તૂટીને છિન્નભિન્ન થતાં પારિવારિક સંબંધો, દંભ, લોભ-લાલચ વગેરે આજની ટૂંકી વાર્તામાં સહજ રીતે નિરૂપાય છે અને તેની આગવી ઓળખ બને છે.

બિપિન પટેલનો જન્મ તા. ૧-૭-૧૯૫૩ના રોજ અમદાવાદ જિલ્લાના દેત્રોજ મુકામે થયેલ છે. અભ્યાસ બી.એ., બી.એડ્. છે વ્યવસાયે સેક્શન અધિકારી ‘સ્પીપા’માં કામ કરે છે. તેઓ ‘ગદ્યપર્વ’, ‘વિ’, ‘ખેવના’ અને ‘ઇન્ડિયા ટૂડે’ જેવા સામયિકોમાં પોતાની ટૂંકી વાર્તાઓ દ્વારા ધ્યાન ખેંચનાર આશાસ્પદ વાર્તાકાર બન્યા છે. ‘વોશિંગ મશીન’, ‘બૂફે’ અને ‘કરિયાવર’ જેવી વાર્તાઓ એમની નોંધનીય વાર્તાઓ બનવા પામી છે.

બિપિન પટેલ કૃત ‘વોશિંગ મશીન’ વૃદ્ધોની વેદનાને વાચા આપતી મર્મવેધક વાર્તા છે. દરેક મા-બાપ એવું ઇચ્છે છે કે પોતાનું સંતાન  સુશીલ, સંસ્કારી અને હોશિયાર બની આર્થિક રીતે પોતાના પગભર બની ઘરના વડીલોનો આધારસ્તંભ બને અને ઘરના સૌ સભ્યો-સદસ્યો હળીમળીને રહે તો ઘર ભર્યુંભાદર્યું બની રહે એવી મોટા ભાગના વડીલોની આશા અને અપેક્ષા હોય છે. પરંતુ આજના જમાનામાં યુવાપેઢી વડીલોને માન-સન્માન ન આપતાં એમની ઇચ્છા-અનિચ્છાને ન સમજતાં ઘરમાં વહુ આવતાં એમની ઉશ્કેરણીથી પોતાનું ધાર્યું જ કરે છે જેના કારણે વડીલવૃદ્ધો સતત દુઃખી થાય છે તો ક્યારેક મન મનાવી સંતાનને માફ પણ કરે છે એવી જ વ્યથા-કથા આ વાર્તામાં આલેખાઈ છે.

વડીલ ડાહીમા એકના એક દીકરા નરેશને ખૂબ જ લાડકોડથી ઉછેરી ભણાવી-નોકરી અપાવી ઠરીઠામ કરે છે. નરેશના લગ્ન થતાં ઘરમાં વહુ આવે છે. સમજદાર ડાહીમા ઘરનો સઘળો વહીવટ તમામ જવાબદારી હોંશથી વહુને સોંપી દે છે. ડાહીમા જૂના સંસ્કારો અને સંસ્કૃતિથી રંગાયેલા હોવા છતાં એમની વિચારસરણીમાં આધુનિકતા જોવા મળે છે. અમુક કામ પોતાના હાથે જ કરવું જોઈએ જેથી શરીરનું સ્વાસ્થ્ય સચવાઈ રહે અને કામ પણ ચોખ્ખું થાય એવું તે ઇચ્છે છે. એ રીતે ‘વહુના ઘાઘરા’ સહિત ઘરના કપડાં પોતે ધોતા હતા. ડાહીબા વિધવા થાય છે ત્યાર બાદ એકલતાનો અહેસાસ એમને વિશેષ સાલે છે તેઓ કામમાં પોતાનું મન પરોવે છે. એક દિવસ ડાહીબાને પેટમાં ગેસ થાય છે. વહુ ‘ઈનો’ પણ આપે છે છતાં તબિયત સારી ન થતાં કામ ન કર્યાનો વસવસો પ્રગટ કરે છે. કામ કરવામાં રચ્યાં-પચ્યાં રહેતા બા ટાઇમ ન જતાં વહુ પાસે માળા માગે છે ત્યારે વહુ ‘શોધી લો જાતે, પાતાળમાં ઘણી હશે અમે ક્યાંથી શોધીએ!’ કહી પોતાનો છૂપો આક્રોશ બા પર ઠાલવે છે. વહુના વર્તનથી બા ગદ્‌ગદિત થઈ જાય છે અને ભૂતકાળના સંસ્મરણો વાગોળે છે કે એ હતા ત્યારે બેય વચ્ચે એક જ માળા હતી તોય આડીઅવળી થતી ન હતી, કેમ કે એમનું કામ ચોક્કસ હતું. ડાહીમાને એમની ખોટ સાલે છે. ત્યાં જ ભગવાનના ફોટા પાછળથી માળા મળતાં વહુ આપી જાય છે.

વડીલ બા માળા કાઢી ભગવાનનું સ્મરણ કરે છે ત્યાં બા જેવી ઉંમરની મેની આવે છે. સ્વભાવે બોલકી છે તેથી આવતાની સાથે જ કહે છે, ‘ચ્યમ ડઈ પલંગે પડ્યોં છો, વહુના ઘાઘરા નહીં ધોવાના?’ ત્યારે ડાહીમા પ્રત્યુત્તર આપતાં કહે છે ‘ચ્યમ બધોંનો ે કપડોં ધોઇએ ન વહુનોં ન ધોવાય? વહુ એટલે આપણી ગુલોમડી છ? સાચું કહું, મને તો વહુ ઉપર મેનીની જેમ દાબ રાખવો જરાયે ના ગમે. મેં તો આવતાંવેંત બધી છુટ્ટી આલેલી, કશો બંધાગરો જ નઈ.’ (‘ગૂર્જર અદ્યતન નવલિકા સંચય’, રઘુવીર ચૌ ૈધરી, પૃ. ૨૦૧)

અહીં ડાહીમા અને મેની બંને વહુઓની વાતો કરે છે. તે સમયે વહુ પ્રત્યેની વિશેષ લાગણીના દર્શન ડાહીમાના પાત્ર દ્વારા થાય છે. દીકરી સમાન વહુને રાખતાં ડાહીમા જ્યાં સુધી કપડાં ધુએ છે ત્યાં સુધી વહુને મધ જેવાં મીઠા લાગે છે પરંતુ તબિયતના કારણે કપડાં ધોઇ નથી શકતા એ સમયે દીઠા ગમતાં નથી. તેથી જ્યારે નરેશ ઑફિસેથી ઘરે આવે છે અને સારી રસોઈની માગણી કરે છે તે સમયે વહુ કહી દે છે ‘આજે તો પગ વાળીને બેઠીયે નથી. બા ખાટલે... કપડાંયે મારે માથે...’ પોતાની પત્ની પર કામનો બોજો વધુ પડે છે એમ જાણી સવારે છાપું વાંચતાં નરેશે વહુને કહ્યું, ‘સેલ્સ ઇન્ડિયાનું સમર સેલ છે. લગભગ હજારનો ફરક પડશે. પૈસાની સગવડ પણ છે. લઈ આવીશું આજે? સાંજે ઑફિસથી વહેલો આવીશ, તૈયાર રહેજે.’ પત્નીની જરૂરિયાત પૂરી પાડવા પતિની તત્પરતા અહીં જોવા મળે છે.

નરેશ અને વહુની વાત સાંભળી ગયેલાં ડાહીમા જિજ્ઞાસાથી પૂછે છે ‘શું ખરીદવાનું છે પાછું? પેલી વાત તો નથી ને?’ તે સમયે નરેશ સહજતાથી જવાબ આપી દે છે, ‘એ તો જે હશે તે સાંજે ખબર પડશે. સવારથી શું કરવા દુઃખી થાઓ છો?’ અહીં આધુ ુનિક જમાનાના નરેશને ઘરની ખરીદી માટે બાની મંજૂરીની કોઇ જરૂર વર્તાતી ન હતી અને તેથી જ વહુ જોડે બજારમાં જઇ વોશિંગ

ISSN: 2349-6002

મશીનની ખરીદી કરે છે. સાંજે જમીને બધા નિરાંતે બેસે છે એ સમયે એક ટેમ્પો આવે છે. એમાંથી એક મોટું વોશિંગ મશીન ઉતારે છે એ જોઇ ડાહીમા ડઘાઇ જાય છે તે સમયે આનંદ વ્યક્ત કરતાં નરેશ બાને કહે છે કે, 'કાલથી તમારી કપડાં ધોવાની છુટ્ટી – કપડાં ધોવાનાં બંધ. હવે મશીન કપડાં ધોશે!' એ જાણી આનંદ ન થતાં શોકમાં ગરકાવ થઈ જાય છે. આમ, વર્ષોથી પોતાને હાથે કપડાં ધોતા હતા એ કામ પણ હવે મશીન છીનવી લેશે એ વિચારે અને ભૂતકાળમાં ચંચળના ઘેર વોશિંગ મશીનમાં કેવાં કપડાં ધોવાય છે એ વિશે માહિતગાર હોવાથી જીવ બાળે છે. જે કામ થકી પોતાનો સમય પસાર કરતાં હતા એ કામ હવે મશીન કરશે એ જાણી હવે પછી પોતે ભગવાનની ભક્તિ માટે મંદિર જઇ ત્યાં મંદિરનું આંગણું વાળી પ્રાર્થનામાં સહભાગી થઈ નિરાંતે ઘેર આવશે એ રીતે મનને મનાવે છે.

વોશિંગ મશીનને બાથરૂમ આગળ મૂકવામાં આવે છે. નરેશ પ્લગ ફીટ કરે છે. વહુ મશીનનું ઢાંકણું ખોલતી હતી. છોકરાંઓ આંખો ચોળતાં ચોળતાં મશીનનાં બટન દબાવતા હતાં. વહુ વારંવાર એમને રોકે છે, 'રે'વા દો બગડી જશે તો ક્યાં જઈશું. કંપનીવાળો ક્યારે આવશે?' ત્યાં નરેશ સમજાવવા માંડે છે.

'પહેલાં કાપો દેખાય છે તેટલું પાણી ભર. ભરાઇ ગયું? તો હવે બે ચમચી પાવડર નાંખ – સ્ટીલની ચમચી નહીં, સર્ફની પ્લાસ્ટિકની ચમચી બરાબર? હવે છ-સાત કપડાં લે. જિન્સ અને ચાદર હમણાં ના લઈશ. ભારે કપડાં છેલ્લે લેજે. વધુમાં વધુ ત્રણ કિલો વજન જોઈએ. અત્યારે સાલ્લો, શર્ટ એવાં હલકાં કપડાં લે. વજનવાળા કપડાં છેક નીચે નાંખ. હલકાં સૌથી ઉપર.' ('ગૂર્જર અદ્યતન નવલિકાસંચય', સંપા. રઘુવીર ચૌધરી, પૃ. ૨૦૫)

આ સઘળું બા દીવાલ પકડીને નિહાળે છે.

વોશિંગ મશીનનું ઉદ્‌ઘાટન થાય છે. વહુ કપડાં નાખે છે સહુથી ઉપર ડાહીમાનો સાલ્લો હતો. નરેશ સ્વીચ દબાવે છે. મશીન ચાલુ થાય છે સાલ્લો ધમ્મ ધમ્મ વલાવોતો હતો. વૃધ્ધાનો સાડલો નહીં પણ વૃધ્ધાનું હૃદય વલોવાય છે. વૃધ્ધાના પાત્ર દ્વારા સર્જક એક સુંદર કરુણ વાર્તા આપણને આપે છે.

પોતાનો પતિ સાંજે ઑફિસેથી આવી સારી રસોઈની માંગણી કરે છે ત્યારે કામના લીધે પોતે બનાવી નથી શકતી, તો સાથે પોતાને બિલકુલ આરામ નથી મળતો વગેરે ફરિયાદ કરે છે. તેથી પોતાની પત્નીને કામમાં રાહત રહે એ સગવડ અને સવલત માટે ઘરમાં 'વોશિંગ મશીન' લાવવામાં આવે છે ત્યારે આધુનિક વહુની મહેચ્છા પૂર્ણ થયાનો સંતોષ જોવા મળે છે.

આધુનિક જમાનામાં વિજ્ઞાન અને ટેક્નોલોજીના ક્ષેત્રે અવનવી શોધ અને સંશોધન થતાં રહે છે. તેથી માનવી દિન-પ્રતિદિન એની પાછળ આંધળી દોટ મૂકતો જાય છે. સુખ-સમૃધ્ધિની ઘેલછા માનવીને સતત આકર્ષે છે. યાંત્રિકીકરણના કારણે માનવીની માનવતા ઓછી થતી જાય છે. અર્થમૂલકતાનું આકર્ષણ સતત થતું રહે છે. તેથી સુખ-સગવડતાભરી જિંદગી જીવવાના પ્રલોભનો હંમેશા થતા રહે છે. તે વાત આપણને 'વોશિંગ મશીન' વાર્તા તપાસતા અનુભવાય છે.

'વોશિંગ મશીન' બદલાતા જતા સમયની સાથે વૃધ્ધોની થતી ઉપેક્ષાનું બયાન કરતી વાર્તા છે. ઘરમાં નવું વોશિંગ મશીન આવતાં વૃધ્ધા જે વલોપાત અનુભવે છે તે અહીં સુપેરે દર્શાવ્યું છે.

વોશિંગ મશીન આવતા બાની જાણે બાદબાકી થાય છે. બા જે કામ સ્વેચ્છાએ કરતા હતા, તેથી તેમનું સ્વાસ્થ્ય સારું રહે અને સમય પસાર કરતા હતા એ પણ ઝૂંટવાઇ જાય છે કામ તો વહુ પણ કરી શકે પણ હવે વોશિંગ મશીન એક સ્ટેટસ સિમ્બોલ બની ગયું છે. એ પડોશીના ઘરે હોય અને આપણા ઘરે ના હોય તે નહિ ચાલે. વહુની આવી માનસિકતા પણ વ્યંજિત થાય છે, તે વાર્તાનો વિષય છે.